રાજ્યપત્રિત તાંત્રિક અધિકારીઓના વાર્ષિક
ખાનગી અહેવાલો ડુપ્લીકેટમાં લખવાની
પ્રથા બંધ કરવા બાબત –

ગુજરાત સરકાર
નર્મદા,જળસંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
પરિપત્ર ક્રમાંક:ખહલ/૧૦૨૦૦૪/૯૬૪/છ-૬.
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૪-૯-૨૦૦૬.

પરિપત્ર

સામાન્ય વહીવટ વિભાગના તા:૮-૩-૧૯૬૯ના ઠરાવ ક્રમાંક:ખહલ/૧૧૬૯/કથી વાર્ષિક ખાનગી અહેવાલો લખવા અને સાચવવા અંગેની સૂચનાઓ બહાર પાડેલ. તેની સૂચના-૧૧ મુજબ ભૂતપૂર્વ જાહેર બાંધકામ વિભાગના તા:૨૨-૧૧-૧૯૭૨ના પરિપત્રાંક:ખહલ/૧૦૭૨/૪૮/છ(સેલ)થી જાહેર બાંધકામ વિભાગના રાજ્યપત્રિત તાંત્રિક અધિકારીઓ વર્ગ-૧ અને વર્ગ-૨ના ખાનગી અહેવાલ ડુપ્લીકેટમાં રાખવાની સૂચના આપેલ હતી. વાર્ષિક ખાનગી અહેવાલ એકજ નકલમાં લખવાની સામાન્ય વહીવટ વિભાગની પ્રવર્તમાન સૂચનાઓ ધ્યાને લઇને વિભાગના વર્ગ-૧ અને વર્ગ-૨ના તાંત્રિક અધિકારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ એકજ નકલમાં લખવાની બાબતે પુખ્ત વિચારણાના અંતે નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના વર્ગ ૧ અને વર્ગ-૨ના તાંત્રિક અધિકારીઓના વાર્ષિક ખાનગી અહેવાલ ડુપ્લીકેટમાં લખવાનું તાત્કાલિક અસરથી બંધ કરવાનું રહેશે અને હવેથી ફકત એકજ નકલમાં વાર્ષિક ખાનગી અહેવાલ લખવાના રહેશે.

વિભાગના નિયંત્રણ હેઠળના સર્વે મુખ્ય ઇજનેરશ્રીઓ / અધિક્ષક ઇજનેરશ્રીઓએ તેમના નિયંત્રણ હેઠળના તમામ અહેવાલ લખનાર અધિકારીઓ અને સમીક્ષક અધિકારીઓને આ અંગેની જાણ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી.એચ. ગોસ્વામી)
ઉપ સચિવ
નર્મદા,જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,
- અગ્ર સચિવશ્રી(પુ.વ.)ના અંગત સચિવશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(જ.સં.)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(કલ્પસર)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(પા.પુ.)ના અંગત મદદનીશશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(નર્મદા) ના અંગત મદદનીશશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં.) ના અંગત મદદનીશશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી અને અધિક સચિવશ્રી, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હેઠળ
- કમિશનરશ્રી, ગ્રામ વિકાસની કચેરી, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ(સીવીલ/યાંત્રિક/ભુસ્તર/સોઇલ ડ્રેનેજ એન્ડ રેકલેમેશન).ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ (સરદાર સરોવર નર્મદા નિગમ લિ. સહિતના)
- અધિક્ષક ઇજનેરશ્રી,માર્ગ અને મકાન(યાંત્રિક)વર્તુળ, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, અમદાવાદ.
- નિયામકશ્રી, જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા, આણંદ.
- નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા.
- સર્વે નાયબ સચિવશ્રીઓ, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે ખ.સ ફરજ પરના અધિકારીશ્રીઓ, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- આસી.જનરલ મેનેજરશ્રી, સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર.
- સર્વે ઉપ સચિવશ્રીઓ, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ~~વહીવટી અધિકારીશ્રી, ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લિ., ગાંધીનગર.~~
- મુખ્ય વહીવટી અધિકારીશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- સર્વે સેકશન અધિકારીશ્રીઓ, ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પસંદગી ફાઇલ.